# ભારતનું સૌપ્રથમ સંપૂર્ણપણે સૌર ઊર્જા વડે સંચાલિત રેલવે સ્ટેશન ક્યું છે?

**1. ‘વેડછીનો વડલો’ તરીકે નીચે પૈકી કોને સંબોધવામાં આવ્યા હતાં?**
(૧) ઠક્કરબાપા (૨) જે.બી. કૃપલાની
(૩) જુગતરામ દવે (૪) કાકાસાહેબ કાલેલકર

**2. દીવ, દમણ અને ગોવા વર્ષ .......... સુધી પોર્ટુગીઝ કોલોની તરીકેનો દરજ્જો ધરાવતા હતાં.**
(૧) ૧૯૬૦ (૨) ૧૯૬૧ (૩) ૧૯૬૨ (૪) ૧૯૬૩

**3. ‘મિથ્યાભિમાન’ કૃતિ ક્યા સાહિત્યકાર સાથે જોડાયેલી છે?**
(૧) પન્નાલાલ પટેલ (૨) બકુલ મહેતા
(૩) રા. વિ. પાઠક (૪) દલપતરામ

**4. દલપતરામે ગ્રીક નાટ્યકાર અરિસ્ટોફેનિસના ‘પ્લુટસ’નું રૂપાંતર કરી ગુજરાતીમાં ......... ની રચના કરી હતી.**
(૧) દૈવજ્ઞદર્પણ (૨) લક્ષ્મી નાટક
(૩) સ્ત્રીસંભાષણ (૪) મિથ્યાભિમાન

**5. ફુગાવો = WPI, શેરબજાર = ?**
(૧) FDI (૨) GDP (૩) MZ (૪) સેન્સેક્સ

**6. ૧૯૮૧માં ફ્રેન્ચ ગુયાનાથી લોન્ચ કરાયેલો ............. એ ભારતનો પ્રથમ કમ્યૂનિકેશન સેટેલાઇટ છે.**
(૧) આર્યભટ્ટ (૨) રોહિણી (૩) ઇનસેટ- 1A (૪) ઍપલ

**7. ........... એ ભારતમાં જેની રચના અને વિકાસ થયો છે તેવું લોન્ગ-રેન્જ, ઓલ-વેધર, સબ સોનિક ક્રૂઝ મિસાઇલ છે.**
(૧) અસ્ત્ર (૨) નિર્ભય (૩) અગ્નિ (૪) બ્રહ્મોસ

**8. QR કોડ એટલે ...........**
(૧) Quick Response Code
(૨) Quick Repository Code
(૩) Quick Retrieval Code
(૪) Quick Recorded Code

**9. સેઇ, સીરી, ધામિની, વાકલ, ખારી વગેરે નદીઓ એ ................. નદીની ઉપનદીઓ છે.**
(૧) ભાદર (૨) તાપી (૩) નર્મદા (૪) સાબરમતી

**10. નેઓરા વેલિ નેશનલ પાર્ક ક્યા રાજ્યમાં આવેલો છે?**
(૧) ઉત્તરાખંડ (૨) આસામ
(૩) હિમાચલ પ્રદેશ (૪) પશ્ચિમ બંગાળ

**11. એક છોકરાનો પરિચય કરાવતા ગીતાએ કહ્યું, “તે મારા મામાના પિતાની એકમાત્ર પુત્રીનો પુત્ર છે.” તે છોકરો ગીતા સાથે ક્યા સંબંધથી જોડાયેલો હશે?**
(૧) ભાઈ (૨) મામા
(૩) મામાનો દિકરો (૪) આમાનું કોઇ નહીં

**12. સ્ટેચ્યૂ ઓફ યુનિટીની ડિઝાઇન ..........એ બનાવી છે.**
(૧) બાલકૃષ્ણ દોશી (૨) જતીન દાસ
(૩) રામ સુથાર (૪) અનિલ નાઇક

**13. અમદાવાદની જગવિખ્યાત સિદી સૈયદની મસ્જિદનું નિર્માણ વર્ષ ...............માં થયું હતું.**
(૧) ૧૫૭૩ (૨) ૧૫૭૪ (૩) ૧૫૭૫ (૪) ૧૫૭૬

**14. નીચે પૈકીનો ક્યો ડેમ ગુજરાતમાં નથી?**
(૧) ઉકાઈ ડેમ (૨) કડાણા ડેમ
(૩) વિલિંગ્ટન ડૅમ (૪) મહી બજાજ સાગર ડૅમ

**15. ગુજરાતના ક્યા રાજાએ “બર્બરક જિષ્ણુ”નો ખિતાબ ધારણ કર્યો હતો?**
(૧) સિદ્ધરાજ જયસિંહ (૨) કુમારપાળ સોલંકી
(૩) મૂળરાજ દ્વિતીય (૪) કરણદેવ વાઘેલા

**16. પ્રાચીન કાળમાં હાલના ભરૂચ શહેરનો ઉલ્લેખ ............. તરીકે થતો હતો.**
(૧) બ્રોચ (૨) ભૃગુકચ્છ (૩) બેરીગાઝા (૪) સ્તંભતીર્થ

**17. પ્રાચીન બૌદ્ધ ધામ દેવની મોરી ગુજરાતના ............... જિલ્લામાં છે.**
(૧) મહીસાગર (૨) દેવભૂમિ દ્વારકા
(૩) ગીર-સોમનાથ (૪) અરવલ્લી

**18. ગુજરાતમાં ગોપનું પ્રાચીન મંદિર ................. જિલ્લામાં આવેલું છે.**
(૧) રાજકોટ (૨) બોટાદ (૩) અમરેલી (૪) જામનગર

**19. ચીની યાત્રી હ્યુ-એન-સાંગે કાંચીપુરમની મુલાકાત લીધી ત્યારે ત્યાં ક્યો રાજવી રાજ કરતો હતો?**
(૧) શિવ સ્કંદ વર્મન (૨) નરસિમ્હવર્મન ૧
(૩) નંદીવર્મન (૪) ઉપર પૈકી કોઇ નહીં

**20. ભારતની આઝાદી પહેલા નીચે પૈકીનું ક્યું એક રજવાડું હતું?**
(૧) અમદાવાદ (૨) ખેડા
(૩) જામનગર (૪) આ પૈકીનું કોઇ નહીં

**21. નીચેના પૈકીની કઈ કૃતિ ઉત્તર ભારતમાં રાજા ચંદ્રગુપ્ત કેવી રીતે સત્તામાં આવ્યા તેની વાત કરે છે?**
(૧) અભિજ્ઞાન શાકુંતલમ્ (૨) મેઘસંદેશમ્
(૩) મુદ્રારાક્ષસ (૪) ઋતુસંહાર

**22. સ્થાનિક ભાષાઓના અખબારોને બ્રિટિશ નીતિઓની આલોચના કરતા અટકાવવા માટે વર્નાક્યુલર પ્રેસ એક્ટ, ૧૮૭૮ ......... દ્વારા દાખલ કરાયો હતો.**
(૧) લૉર્ડ કેનિંગ (૨) લૉર્ડ લિટન
(૩) લૉર્ડ રિપન (૪) લૉર્ડ ડેલહાઉસી

**23. ચિત્તરંજન દાસ અને મોતીલાલ નહેરૂ દ્વારા કઈ પાર્ટી શરૂ કરાઈ હતી?**
(૧) સ્વદેશ પાર્ટી (૨) ગદર પાર્ટી
(૩) સ્વરાજ પાર્ટી (૪) સ્વતંત્ર પાર્ટી

**24. દક્ષિણ એશિયાની સૌપ્રથમ મુસ્લિમ યુનિવર્સિટી મુહમ્મદેન ઍંગ્લો-ઓરિએન્ટલ કોલેજની સ્થાપના કોણે કરી હતી?**
(૧) સર સૈયદ અહમદ ખાન
(૨) નવાબ મોહસીન-ઉલ-મુલ્ક (૩) જસ્ટિસ સૈયદ મહમૂદ
(૪) નવાબ અબ્દુલ લતીફ

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

**25. ક્રાંતિકારી અલ્લુરી સીતારામ રાજૂ સાથે ક્યો બળવો જોડાયેલો છે?**
(૧) સંન્યાસી વિદ્રોહ (૨) અહોમ વિદ્રોહ
(૩) રામ્પા વિદ્રોહ (૪) રામોસી વિદ્રોહ

**26. ભારતનું સૌપ્રથમ સંપૂર્ણપણે સૌર ઊર્જા વડે સંચાલિત રેલવે સ્ટેશન ક્યું છે?**
(૧) ગુવાહાટી (૨) વડનગર (૩) શિલોંગ (૪) ઇટાનગર

**27. બિહુ નૃત્ય ક્યા રાજ્ય સાથે સંકળાયેલું છે?**
(૧) ઓડિશા (૨) મેઘાલય (૩) આસામ (૪) ત્રિપુરા

**28. .............. રિફાઇનરી ભારતમાં ઓઇલ ઉદ્યોગના જન્મસ્થળ તરીકે જાણીતી છે.**
(૧) જામનગર (૨) બોંગાઈગાઁવ (૩) દિગ્બોઇ (૪) કોચી

**29. ભંડોળની તંગીના કિસ્સામાં વાણિજ્યિક બેન્ક્સને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા જે દરે ધિરાણ આપે છે તે દરને ......... કહેવાય છે.**
(૧) રૅપો રેટ (૨) રિવર્સ રૅપો રૅટ
(૩) ઇન્ફલૅશન રૅટ (૪) શોર્ટ રૅટ

**30. “બ્રેન્ટ” શબ્દ કોના સાથે સંકળાયેલો છે?**
(૧) સોનુ-ચાંદી (૨) કોલસો (૩) ક્રૂડ ઓઇલ (૪) બાંધકામ

**31. માળિયા કઇ નદીના કિનારે વસેલું શહેર છે?**
(૧) આજી (૨) ભાદર (૩) મચ્છુ (૪) ઘેલો

**32. પાણિયા પ્રાકૃતિક અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે?**
(૧) જામનગર (૨) અમરેલી (૩) ભાવનગર (૪) રાજકોટ

**33. નીચે પૈકીની કઇ કેન્દ્ર સરકારની મહેસૂલી આવક નથી?**
(૧) કોર્પોરેટ કરની આવક (૨) ડિસઇન્વેસ્ટમેન્ટની આવક
(૩) ડિવિડન્ડ અને નફો (૪) વ્યાજની આવક

**34. “હવાલા વ્યવહાર” એટલે શું?**
(૧) સરકારે પ્રતિબંધિત કરેલી વસ્તુઓનો વિદેશ વેપાર
(૨) વાસ્તવમાં તબદિલી થયા વગર નાણાનું હસ્તાંતર
(૩) આંતરરાષ્ટ્રીય કક્ષાએ ડ્રગ્સના વેપારમાં નાણા રોકવા
(૪) કાળા નાણાનું વ્હાઇટ ઇન્કમમાં રૂપાતંર

**35. સાંકેતિક ભાષામાં જો WATERનો કોડ XCUGS હોય તો FIREનો કોડ ક્યો થશે?**
(૧) GHSG (૨) GJTF (૩) GKSG (૪) GKTF

**36. અમૃત કેશવ નાયક, પ્રાણસુખ નાયક, બાપુલાલ નાયક, આ ત્રણેય ............. તરીકે વિખ્યાત છે.**
(૧) ભવાઈ કલાકાર (૨) નાયક સમાજના સ્વાતંત્ર્ય સેનાની
(૩) વિખ્યાત કઠપૂતળી કલાકાર (૪) ચિત્રકાર

**37. એક પ્રકારના ટ્રેડિશનલ પરફોર્મિંગ આર્ટ - ‘કુડિયાટ્ટમ’નો સંબંધ .......... રાજ્ય સાથે છે.**
(૧) કર્ણાટક (૨) કેરળ (૩) આંધ્ર પ્રદેશ (૪) તામિલનાડુ

**38. લાવા નૃત્યનો સંબંધ ભારતના ક્યા વિસ્તાર સાથે છે?**
(૧) ત્રિપુરા (૨) મહારાષ્ટ્ર (૩) ગુજરાત (૪) લક્ષદ્વીપ

**39. ‘ધ સ્ટેપવેલ્સ ઓફ ગુજરાત’ પુસ્તકના લેખક કોણ?**
(૧) જે. કે. રોલિંગ (૨) જે. જે. ન્યૂબૌર
(૩) કે. એમ. મુનશી (૪) વસંત શિંદે

**40. ટાંગલિયા એ ............નો એક પ્રકાર છે.**
(૧) હાથવણાટ કલા (૨) ટેરાકોટા કલા
(૩) ભીંત ચિત્ર કલા (૪) ઝવેરાત ઘડતર

**41. ગુજરાતી સાહિત્યમાં અનેરું સ્થાન ધરાવનાર ફાધર વાલેસ ક્યા દેશના વતની હતા?**
(૧) સ્પેન (૨) જર્મની (૩) પૉલેન્ડ (૪) ઓસ્ટ્રિયા

**42. ‘સદાચાર’ અને ‘ગાંધીજી અને નવી પેઢી’ જેવા નિબંધ સંગ્રહ કોણે આપ્યાં હતાં?**
(૧) કાકાસાહેબ કાલેલકર (૨) મહાદેવ દેસાઈ
(૩) નારાયણ દેસાઈ (૪) ફાધર વાલેસ

**43. ગોવિંદ વલ્લભ પંત સાગર ડેમ ક્યા રાજ્ય/ કઈ નદી પર બંધાયેલો છે?**
(૧) ઉત્તર પ્રદેશ/ રિહન્દ (૨) ઉત્તર પ્રદેશ/ ભાગીરથી
(૩) મધ્ય પ્રદેશ/ ચંબલ (૪) બિહાર/ ગંડક

**44. કાવેરી નદી ક્યા બે રાજ્યમાં થઈને વહે છે?**
(૧) તામિલનાડુ, કર્ણાટક (૨) તામિલનાડુ, આંધ્ર પ્રદેશ
(૩) આંધ્રપ્રદેશ, કેરળ (૪) કર્ણાટક, કેરળ

**45. સિંધુ, બ્રહ્મપુત્રા, ગંગા અને ગોદાવરી - આ ચારેયમાંથી સૌથી વધારે લંબાઈ કઈ નદીની છે?**
(૧) બ્રહ્મપુત્રા (૨) ગંગા (૩) સિંધુ (૪) ગોદાવરી

**46. ભારતમાં ગંગા નદી પછીની સૌથી વધુ લંબાઈ ધરાવતી નદી કઈ છે?**
(૧) બ્રહ્મપુત્રા (૨) નર્મદા (૩) ગોદાવરી (૪) ચંબલ

**47. “પોતાની જાત ઉપર જ આધાર” - આ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**
(૧) પરાવલંબન (૨) સ્વાવલંબન
(૩) આપખુદ (૪) શક્તિશાળી

**48. નીચે પૈકી કોને ભારતની નાગરિકતાના અધિકારના નિયમનની સત્તા છે?**
(૧) કેન્દ્રીય મંત્રી મંડળ (૨) સંસદ
(૩) સર્વોચ્ચ અદાલત (૪) માત્ર રાષ્ટ્રપતિ

**49. ‘ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ’ને ગુજરાતીમાં ............. કહેવામાં આવે છે.**
(૧) ઘુડખર (૨) ઘોરાડ (૩) કાળિયાર (૪) લક્કડખોદ

**50. Equus ferus caballusનો ઉલ્લેખ ક્યા પ્રાણીના સંદર્ભમાં થાય છે?**
(૧) વાઘ (૨) ચિત્તો (૩) ઘોડો (૪) દીપડો

**જવાબો :**

**(૧) ૩ (૨) ૨ (૩) ૪ (૪) ૨ (૫) ૪ (૬) ૪ (૭) ૨ (૮) ૧ (૯) ૪ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૪ (૧૫) ૧ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૨ (૨૦) ૩ (૨૧) ૩ (૨૨) ૨ (૨૩) ૩ (૨૪) ૧ (૨૫) ૩ (૨૬) ૧ (૨૭) ૩ (૨૮) ૩ (૨૯) ૧ (૩૦) ૩ (૩૧) ૩ (૩૨) ૨ (૩૩) ૨ (૩૪) ૨ (૩૫) ૩ (૩૬) ૧ (૩૭) ૨ (૩૮) ૪ (૩૯) ૨ (૪૦) ૧ (૪૧) ૧ (૪૨) ૪ (૪૩) ૧ (૪૪) ૧ (૪૫) ૩ (૪૬) ૩ (૪૭) ૨ (૪૮) ૨ (૪૯) ૨ (૫૦) ૩**